ઉપરવાસમાં વરસાદ બંધ થતાં ચિંતા ટળી: શહેર-જિલ્લામાં પણ વરસાદના વિરામ વચ્ચે ગરમી-બફારાનો ત્રાસ વધ્યો

# ઉકાઈનો આઉટફ્લો ઘટાડીને 90 હજાર ક્યુસેક કરાયો

**ઉકાઈમાં** 1.50 લાખ ક્યુસેકનો ઈનફ્લો, છતાં રૂલ લેવલ સુધી ડેમ ભરવો શરૂ કરાયો

**હથનુરમાંથી** 92 હજાર અને પ્રકાશામાંથી 1.50 લાખ ક્યુસેક પાણીની આવક



સુરતઃ ઉકાઈ ડેમના ઉપરવાસમાં બે દિવસથી વરસાદનું જોર ઘટ્યું છે. જેના લીધે ઉકાઈ ડેમમાં પાણીની આવકમાં ઘટાડો થતા પાણી છોડવાનું ઘટાડી હાલ 90 હજાર ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. ખાસ તો ચિંતામાં ઘટાડો થતાં ઉકાઈ સત્તાધીશોએ હવે ઈનફ્લો સામે ડિસ્ચાર્જ ઘટાડ્યો છે અને રૂલ લેવલ સુધી પાણી ભરવાનું શરૂ કર્યું હોય એવું લાગી રહ્યું છે.

ઉકાઈ ડેમના ઉપરવાસમાં આવેલા 51 રેઈનગેજ સ્ટેશનો ઉપર બે દિવસ પહેલા વરસાદે ધબધબાટી બોલાવી હતી. જેને કારણે 48 કલાકમાં જ ડેમમાં પાણીની મોટી આવક થતા ડેમના બંધ ગેટ ફરી ખોલવાની નોબત આવી હતી. જો કે તંત્રએ સુઝબુઝ પૂર્વક આગમચેતી રાખી ડેમમાંથી પાણી છોડવાનું શરૂ કરી દીધું હતું. ઉકાઈ ડેમના ઉપરવાસમાં આવેલા ચીખલધરામાં 39 મીમી, ધુપેશ્વરમાં 23 મીમી, તલસવાડામાં 15 મીમી, હથનુરમાં 13 મીમી, ચાંદપુરમાં 11 મીમી, શાહદામાં 18 મીમી, અકલકુવામાં 34 મીમી અને ઉકાઈમાં 43 મીમી વરસાદ વિતેલા ચોવીસ કલાકમાં નોંધાયો છે. હથનુર ડેમમાંથી 92 હજાર ક્યુસેક અને પ્રકાશામાંથી 1.50 લાખ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. જેની અસર ઉકાઈ ડેમ પર જોવા મળી છે. ઉકાઈ ડેમમાં 1.53 લાખ ક્યુસેક પાણીની આવક થતા ડેમમાંથી 90 હજાર ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. હાલ ડેમના 7 ગેટ પાંચ ફૂટ અને 1 ગેટ છ ફૂટ ખોલી દેવાયા છે. ડેમની સપાટી 336.31 ફૂટ નોંધાઈ છે.

### મહુવામાં એક ઇંચ અને પલસાણામાં અડધો ઇંચ વરસાદ

જિલ્લામાં આજે વરસાદની આગાહી વચ્ચે સવારથી વરસાદે વિરામ લીધો હતો. જિલ્લાના ઓલપાડ તાલુકામાં 1 મીમી, માંડવીમાં 1 મીમી, સુરત શહેરમાં 8 મીમી, ચોર્યાસીમાં 2 મીમી, પલસાણામાં અડધો ઈંચ અને મહુવામાં એક ઈંચ વરસાદ નોંધાયો હતો. આ સિવાયના તાલુકા કોરાકટ રહ્યા હતા. બપોરે તો તડકો એવો પડયો કે તાપમાનમાં પણ વધારો નોંધાયો છે. આટલા વરસાદ પછી પણ બપોરે ઉકળાટ અને ગરમીનો અનુભવ થયો હતો. તાપમાન અઢી ડિગ્રી વધી ગયું હતું. મહત્તમ તાપમાન 32 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 25.2 ડિગ્રી નોંધાયું હતું.

### એક હાઇડ્રો બંધ: વીજળી ઉત્પાદન ઘટતાં લાખોનું નુકસાન

ઉકાઇ ડેમથી છોડવામાં આવતા પાણી મારફત હાઇડ્રો મશીન ચલાવવામાં આવે છે. આ મશીન અઢળક વીજળી પેદા કરે છે. પરંતુ આ વરસે એક હાઇડ્રોપાવર યુનિટ બંધ હોવાથી સરકારને મોટાપાયે નુકશાન થયું છે. આ હાઇડ્રો બંધ હોવાથી વીજળી ઉત્પાદન કરી શકાઇ નથી.

# વરાછા ઝોનમાં પ્રથમ વખત મહર્ષિ અરવિંદ ઘોષ ફ્લાયઓવર નીચે બ્યુટિફિકેશન કરાશે

**બોમ્બે** માર્કેટ-પુણા રોડ પરના બ્રિજ નીચે 2 કરોડના ખર્ચે લેન્ડ બ્યુટિફિકેશન થશે

સુરતઃ સુરત મનપા દ્વારા શહેરમાં વેસુ અને અઠવા જેવા પોશ વિસ્તારમાં ફ્લાય ઓવરબ્રિજ નીચે બ્યુટિફિકેશન કરી આકર્ષક બનાવવામાં આવે છે. જે મુદ્દે વરાછા ઝોનના નગરસેવકો અને ધારાસભ્યોએ વહીવટી તંત્રને અવારનવાર ટકોર કરી વરાછા વિસ્તારમાં પણ ફ્લાય ઓવરબ્રિજ નીચે રહેતા લોકોને હટાવી બ્યુટિફિકેશન કરવા માંગણી કરવામાં આવી રહી છે.



પ્રતીકાત્મક તસવીર

જો કે, હવે મનપા દ્વારા પહેલી વખત બોમ્બે માર્કેટ પુણા રોડ સ્થિત મહર્ષિ અરવિંદ ઘોષ ફ્લાય ઓવરબ્રિજ નીચે બે કરોડના ખર્ચે બ્યુટિફિકેશન કરવાની તૈયારી કરી ટેન્ડર શાસકોની મંજૂરી માટે મૂકવામાં આવ્યા છે. વરાછાના ધારાસભ્યો પ્રવિણ ઘોઘારી, કુમાર કાનાણી ઉપરાંત પૂર્વ નગરસેવકો કાંતિ ભંડેરી, દિનેશ કાછડિયા વગેરે દ્વારા અવારનવાર વરાછા વિસ્તારમાં ફ્લાય ઓવરબ્રિજ નીચે વેસુ અને અઠવા જેવું સુશોભન કરવા માંગ કરાઇ હતી. જો કે, વહીવટી તંત્ર વરાછા રોડ પરના ફ્લાય ઓવરબ્રિજ નીચે બ્યુટિફિકેશનનો પ્લાન તૈયાર હોવાનું ગાજર લટકાવતું રહ્યું છે.

પરંતુ વરાછા રોડની જગ્યાએ બોમ્બે માર્કેટ પુણા રોડ પર અર્ચના વિદ્યાલય પાસેની બ્રિજ નીચે જ્યાં વરસાદમાં ખાડીના પાણી ભરાતા હતા ત્યાં હવે ખાડી પેક થઇ જતાં અંતરાઈ હટ્યા હોવાથી 2.05 કરોડના ખર્ચે બ્યુટિફિકેશનની મંજૂરી માંગતી દરખાસ્ત શાસકો સમક્ષ મુકાઇ છે.

# આસપાસની વસ્તુઓમાંથી રમકડાં બનાવી ગણિત અને વિજ્ઞાનના પાઠ ભણાવતા જિલ્લાના બે શિક્ષકો

**ઓલપાડની** સરસ પ્રા.શાળાનાં શિક્ષિકા શ્વેતાબેન ઉપાધ્યાય અને માંડવીની વાડી સ્વતંત્ર પ્રા.શાળાના શિક્ષક સુનીલભાઈની પ્રશંસનીય કામગીરી

સુરતઃ પ્રવૃતિયુક્ત અને પ્રગતિશીલ વિદ્યાર્થી માટે પ્રવૃત્તિમય શિક્ષકનું હોવું અનિવાર્ય છે. આ વિચાર સાથે કાર્યરત માંડવી તાલુકાની વાડી સ્વતંત્ર પ્રાથમિક શાળાના શિક્ષક સુનિલભાઈ ચૌધરી અને ઓલપાડ તાલુકાની સરસ પ્રાથમિક શાળાના શિક્ષિકા શ્વેતાબેન ઉપાધ્યાય વિદ્યાર્થીઓને અનેરી રીતે ભણાવે છે.

સુરતના ઓલપાડ તાલુકાની સરસ પ્રાથમિક શાળાના શિક્ષિકા શ્વેતાબેન ઉપાધ્યાય તદ્દન અનોખી રીતે બાળકોને ગણિત અને પર્યાવરણના પાઠ ભણાવે છે. તેઓ આસપાસમાંમાંથી ઉપલબ્ધ સામગ્રી દ્વારા સ્વનિર્મિત એક્રોબેટ, શેડોપપેટ, ગિલોલગન, હેડ શેકિંગ ડોલ, વૂડ ફિકર, હાઈડ્રોલિક જેક, ચુંબકીય ભમરડો, પિકિંગ બર્ડ જેવા રમકડાં બનાવી વિજ્ઞાનના કેંદ્રત્યાગીબળ, ગુણકપરાવર્તન, ગતિઉર્જા, સ્થિતિઉર્જા, ઘર્ષણબળ, ચુંબકીયબળ જેવા સિધ્ધાંતો શીખવાડે છે તેમજ બાળકોને ક્લાસરૂમની બહાર લઈ જઈને પણ ગણિત અને પર્યાવરણ વિષયની સમજ આપે છે. માંડવી તાલુકાની વાડી સ્વતંત્ર પ્રા.શાળાના શિક્ષક સુનિલભાઈ ચૌધરીએ રોજેરોજ પેકેટ ફૂડ ખાતા તેમની શાળાના વિદ્યાર્થીઓને સાચી સમજ અને યોગ્ય દ્રષ્ટાંત દ્વારા તંદુરસ્ત જીવનશૈલી માટે પ્રોત્સાહિત કર્યા અને સમય સાથે તાલ મિલાવી શાળાના પરિસરને પ્લાસ્ટિક મુક્ત ઝોન બનાવી બાળકોને સંપૂર્ણ મધ્યાહન ભોજનનો લાભ લેતા કર્યા. તેમણે બાળકોને પર્યાવરણ સાથે જોડવા અને શાળામાં પ્લાસ્ટિકનો નિષેધ કરવા શાળામાં ભેગી થતી બાયોડિગ્રેડેબલ દૂધની થેલીઓમાં છોડવા રોપવાની નવી પહેલ શરૂ કરી આ પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓને પણ સામેલ કર્યા. તેઓ થેલી સહિતના રોપા સીધા જમીનમાં કે કુંડામાં વાવી શાળાના પ્રાંગણને હરિયાળું બનાવે છે. અને બાકીના રોપાઓને નજીકની શાળાઓમાં વિતરણ કરી અન્યોને પણ પ્રોત્સાહિત કરે છે.

### ભગવાન મહાવીરની આંગીનાં દર્શન



■ જૈનોના પવિત્ર પર્યુષણ પ્રસંગે ગોપીપુરાના આગમ દેરાસરમાં ભગવાન મહાવીરના 14મા સ્વપ્નની ઝાંખીની આંગીના દર્શન ખુલ્લા મુકાયા હતાં. (તસવીર: સતિષ જાદવ)

# બેંકના ડ્રોપબોક્સમાં નાંખેલો 6 લાખનો ચેક ભેજાબાજે છેતરીને વટાવી લીધો

**સોદો** કેન્સલ થયો હોવાનું કહી પટાવાળા પાસે ડ્રોપ બોક્સમાંથી ચેક મેળવી લીધો

સુરત : પાલનપોરમાં રહેતા વેપારીએ તેના પિતાનું પાલની બેંક ઓફ બરોડામાં ખાતુ બંધ કરવાનું હતું. જેથી ખાતામાં જમા 6 લાખની રકમનો ચેક તેની બેંક ઓફ ઈન્ડિયાના ખાતામાં જમા કરાવવા માટે બેંકના ડ્રોપ બોક્ષમાં નાંખ્યો હતો. અજાણ્યાએ પટાવાળાને ગેરમાર્ગે દોરી ડ્રોપ બોક્ષમાંથી ચેક કઢાવી અન્ય બેંકમાં જમા કરાવી 6 લાખ રૂપિયા ઉપાડી લીધા હતા.

44 વર્ષીય હરિશભાઈ રામઅવતાર મિસ્ત્રીએ તેના પિતાનું પાલમાં બેંક ઓફ બરોડાનું ખાતુ બંધ કરાવવા 6 લાખ જમા બેલેન્સ 15 જુનના રોજ આ ખાતાના ચેકમાં 6 લાખની રકમ ભરી તેમના અન્ય બેંક ઓફ ઈન્ડીયાના આનંદ મહલ રોડ શાખામાં જમા કરાવ્યો હતો. હરિશભાઈએ આ ચેક બેંકનાં ડ્રોપ બોક્ષમાં નાંખ્યો હતો. ઠગબાજે બેંકના પટાવાળાને બોલાવી ડ્રોપ બોક્ષમાં પોતાનો ચેક હોવાનું જણાવ્યું હતું. જે તેમને પાર્ટી સાથે સોદો કેન્સલ થયો હોય ચેક પરત લેવાનું જણાવ્યું હતું. બાદમાં ઠગબાજે પટાવાળાને વિશ્વાસમાં લઈ ડ્રોપબોક્ષ ખોલાવી ચેક મેળવી લીધો હતો. ભેજાબાજે ચેક પરથી એકાઉન્ટ પે નું નિશાન કેમિકલથી કાઢી 18મી જુનના પિતાની બેંક ઓફ બરોડાની પાલ શાખામાં જમા કરાવી 6 લાખ ઉપાડી લીધા હતા. અડાજણ પોલીસે અજાણ્યા વિરૂદ્ધ ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

# સુરતથી વારાણસીની વિમાન સેવા શરૂ કરવા કોંગ્રેસનું એરપોર્ટ ડિરેક્ટરને આવેદન



સુરતઃ સુરતથી વારાણસીની વિમાન સેવા શરૂ કરવા સુરત શહેર કોંગ્રેસ પ્રમુખ ધનસુખ રાજપૂત, ગુજરાત કોંગ્રેસના પ્રોટોકોલ સચિવ અશોક કોઠારી, શિવાસિંહ રાજપૂત સહિતના અગ્રણીઓ સુરત એરપોર્ટ ડાયરેક્ટર વિરેન્દ્ર સોલંકીને એક મેમોરેન્ડમ સુપરત કરીને માંગણી કરી કે સુરતથી વારાણસીની સીધી ફ્લાઈટ શરૂ કરવામાં આવે કે જેથી ઉત્તર ભારતીયો માટે તેમની વતન તરફ જવાનું સરળ બનશે.

### રિક્ષાને પ્રવેશ નહીં તો ચક્કાજામ કરાશે

કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે,ખાનગી. મલ્ટી નેશનલ કંપની ઓલા, ઉબરને લાભ કરાવવા પાર્કિંગ ટેન્ડરની શરતમાં ઓટો રિક્ષા નો એન્ટ્રી લખવામાં આવ્યું છે. આ નિર્ણય પાછો નહી ખેંચવામાં આવે તો શહેરનાં ઓટો રિક્ષા ચાલકોની હવે પછી રેલી કાઢી એરપોર્ટ પર પિક અવર્સમાં ચક્કાજામનો કાર્યક્રમ આપવામાં આવશે.

# ખાડા પૂરો અભિયાન: વધુ 43 રસ્તા રિપેર કરાયાનો મનપાનો દાવો

**ખાડા** માટે મનપા તંત્ર પર માછલા ધોવાતાં અધિકારીઓ દોડતા થયા

**વરસાદ** બંધ રહેતાં સવારે પાંચ વાગ્યાથી મનપાના હોટ મિક્સ પ્લાન્ટ શરૂ કરી મોડી રાત સુધી ચાલુ રખાયા

સુરતઃ વરસાદે ધોઇ નાંખેલા રસ્તા સુરત મનપાના તંત્ર માટે માથાનો દુઃખાવો બન્યા છે. ત્યારે વરસાદ બંધ થતાં જ ફરીથી બુધવારે વહેલી સવારથી રસ્તા રિપેર કરવા મનપાની ટીમોને કામે લગાવી દેવાઇ હતી.

સવારે પાંચ વાગ્યાથી મનપાના બંને હોટ મિક્સ પ્લાન્ટ ધમધમતા કરી દેવાયા હતા તેમજ આખા દિવસ દરમિયાન 43 રસ્તા રિપેર કરી દેવાયા હોવાનો દાવો સુરત મનપા દ્વારા કરવામાં આવ્યો હતો.

મનપાની યાદીમાં જણાવ્યા મુજબ સુરત મહાનગરપાલિકા દ્વારા ઝુંબેશ સ્વરૂપે શરૂ કરેલી રોડ રિ પેરિંગની કામગીરી માટે વહેલી સવારે ૫ વાગ્યાથી ભટારસ્થિત બંને હોટ મિક્સ પ્લા ન્ટ કાર્યરત કરવામાં આવ્યા છે. મોડી રાત સુધી પ્લાન્ટને કાર્યરત રાખી રોડ રિપેરિંગની કામગીરી રાત્રે પણ અવિરત ચાલુ રહેશે.

ઉપરાંત બુધવારે ૧૫૦ ટેક્નિકલ કેડરના સ્ટાફ સાથે રાખી ૭૧૩ ડ્રાઇવર/બેલદાર અને ૧૫૮ જેટલી મશીનરી સાથે રસ્તા રિપેર કરવાનું શરૂ કરતાં સાંજ સુધીમાં ૪૩ રસ્તામાં ૪૭૨૦ ચો.મી. માં રિપેરિંગની કામગીરી શરૂ કરાઇ હતી. સાંજ સુધી કુલ ૬૭૧.૩૯૦ મે. ટન. હોટ મિક્સ મટિરિયલ તેમજ ૩૪૪.૬૧૦ મે.ટન. જીએસબી/ ફિલિંગ મટિરિયલનો ઉપયોગ કરી કુલ ૧૦૧૬ મે.ટન. મટિરિયલથી રસ્તા રિપેર કરાયા હતા. ઉપરાંત બુધવારે કુલ ૬ સ્પોટ પર ૨૨૯.૫૪૦ ચો.મી. માપમાં જેટ પેચર મશીનથી પણ રોડ રિપેરિંગ કરાયું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં રસ્તાઓમાં ખાડાઓ પડી જતાં મનપા તંત્ર પર ભારે માછલા ધોવાયા હતા. જેને કારણે અધિકારીઓ દોડતાં થયા હતા.

ટીવીમાં વિઝન બરાબર નથી દેખાતું એવી ફરિયાદ કરવા ગયેલા

# રત્નકલાકારની હત્યાના કેસમાં એકને આજીવન કેદ, બેનો નિર્દોષ છૂટકારો

**બે આરોપીઓએ** રત્નકલાકારને પકડી રાખીને એક આરોપીએ ચપ્પુ માર્યું હતું


સુરતઃ 23વર્ષ પહેલા કાપોદ્રામાં થયેલી રત્ન કલાકારની હત્યાના ગુનામાં કોર્ટે એક આરોપીને કસૂરવાર ઠેરવીને આજીવન કેદની સજા અને 10 હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો છે. જ્યારે અન્ય બે આરોપીઓને શંકાનો લાભ આપી નિર્દોષ જાહેર કરીને છોડી મૂકવાનો હુકમ કર્યો હતો.

કેસની વિગત એવી છે કે મુકેશ વાલજી બારૈયા કાપોદ્રા વિસ્તારમાં આવેલી ગાયત્રી સોસાયટીની પાછળ રામકૃપા સોસાયટીમાં રહેતા હતા. તેઓ રત્ન કલાકાર તરીકે કામ કરતાં હતા. મુકેશ મધુવન સોસાયટીના નાકે કૃષ્ણ વિઝનની ઓફિસે 21 જાન્યુઆરી 2001ના રોજ રાત્રિના સવા આઠ વાગ્યાના અરસામાં પોતાના ઘરે ટીવીમાં વિઝન બરાબર આવતું ન હોવાથી તેમજ નવું કનેક્શન હોવાથી ફરિયાદ કરવા માટે ગયા હતા. દરમિયાન કૃષ્ણ વિઝન ઓફિસમાં કનુ ઘૂસા આહીર, રામજી આહીર અને ઓપરેટર નરેશ ગંગારામ ખાંધલા હાજર હતા. મુકેશ બારૈયાએ કનુ આહીરને કહ્યું હતું કે તમારે ત્યાંથી કનેક્શન લીધા બાદ ટીવીમાં વિઝન બરાબર આવતું નથી, પૈસા પૂરેપૂરા લઈ લો છો જેથી આરોપી કનુ આહીર ફરિયાદ કરવા ગયેલા મુકેશ ઉપર એકદમ ઉશ્કેરાઈ ગયા હતા. જેથી બંને વચ્ચે ઝઘડો થયો હતો અને નરેશ તથા રામજી આહિરે પણ મુકેશ સાથે ગાળગલોચ કરી હતી. આથી ગુસ્સે ભરાયેલો રામજી આહીર પોતાના ઘરેથી તિક્ષ્ણ હથિયાર લઈ આવ્યો હતો. અને મુકેશ પર તીક્ષ્ણ હથિયારથી ગંભીર ઈજા પહોંચાડી હત્યા કરી નાખી હતી. સરકાર તરફે એડવોકેટ એપીપી આર.પી. ડોબરિયાએ મહત્તમ સજાની માંગ કરી હતી. જેમાં કોર્ટેસ આરોપી રામજી ઘુસા આહિરને કસૂરવાર ઠેરવીને આજીવન કેદની સજા અને 10 હજાર રૂપિયાના દંડની સજાનો હુકમ કર્યો હતો. અન્ય આરોપી કનુ ઘુસા આહીર અને નરેશ સતવારાને પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ જાહેર કરીને છોડી મૂકવાનો હુકમ કર્યો હતો.

જંગલ થિમ | સુરતની એક જ મિલમાંથી ઝાડની છાલનું વેસ્ટેજ એકત્રિત કરીને લાવવામાં આવ્યું

# એકદંતાય ગ્રુપે વૃક્ષની છાલમાંથી ગણેશની મૂર્તિ તૈયાર કરી

**એકદંતાય** ગ્રુપે પર્યાવરણનો સંદેશો આપ્યો



સુરતઃ સુરતમાં ગણેશોત્સવ ખૂબ ધામધૂમથી ઉજવવામાં આવે છે. સુરતમાં ગણેશ આગમનથી લઈ ગણેશ વિસર્જન સુધી તેમજ વિવિધ થિમ પર પંડાળો બનાવી ભક્તો 10 દિવસ ભાવભક્તિથી ગણેશજીનાં વધામણાં કરતા હોય છે. આ વર્ષે પણ સુરત શહેરમાં ગણેશ આગમનમાં ઘણા નવા રૂપરંગ જોવા મળી રહ્યા છે. સાથે સાથે વિવિધ મંડળો દ્વારા પંડાળમાં વિશિષ્ટ થિમ પર ગણેશજીની સ્થાપના કરવામાં આવી છે. લાલ દરવાજાના એકદંતાય ગ્રુપ દ્વારા આ વર્ષે જંગલ થિમનું આયોજન કરાયું છે. જેથી તેઓ દ્વારા ઝાડની છાલની ઉપયોગ કરી ગણેશની પ્રતિમા બનાવડાવી છે અને પર્યાવરણનો સંદેશો આપ્યો છે.

એકદંતાય ગ્રુપ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, સુરતની જ એક મિલમાંથી ઝાડની છાલનું વેસ્ટેજ એકત્રિત કરવામાં આવ્યું હતું. લગભગ 15થી 17 કિલો જેટલો વેસ્ટ લાવવામાં આવ્યો હતો અને બંગાળના એક કારીગર પાસેથી તેઓ દ્વારા આ ઝાડની છાલમાંથી મૂર્તિ બનાવવા માટેનો ઓર્ડર અપાયો હતો.

જેઓ દ્વારા 35 દિવસમાં મૂર્તિ તૈયાર કરવામાં આવી છે. સુરતમાં પ્રથમવાર લાકડાંની છાલના લૂકમાં ગણેશજી જોવા મળશે. નાગપુરમાં ગત વર્ષે લાકડાંની છાલમાંથી ગણેશની પ્રતિમા તૈયાર કરાઈ હતી અને ત્યાંથી વિચાર આવ્યો અને આ મંડળ દ્વારા આ વર્ષે ઈકો ફ્રેન્ડલી ગણેશની પ્રતિમા સ્થાપિત કરવાનું આયોજન કરાયું છે.

### જંગલ થિમની સાથે પર્યાવરણનો સંદેશો અપાશે

પર્યાવરણનું પતન થઇ રહ્યું છે ત્યારે લાલ દરવાજાના એકદંતાય ગ્રુપ દ્વારા તેમના પંડાળમાં પર્યાવરણનો સંદેશો આપવામાં આવશે, જેમાં સેવ ઓક્સિજન, સેવ વોટર અને સેવ ટ્રીના મેસેજ આપવામાં આવશે અને સમગ્ર પંડાળ જંગલ થિમ પર તૈયાર કરાશે. ઝાડની છાલમાંથી 13 ફૂટની લંબાઈના ગણેશજીની પ્રતિમા તૈયાર કરાઈ છે.

# લંબે હનુમાન રોડ પર કાપડ વેપારીના ઘરમાંથી 5.50 લાખના દાગીનાની ચોરી

સુરતઃ લંબે હનુમાન રોડ ખાતે ગુજરાત હાઉસીંગ બોર્ડમાં એક કાપડ વેપારીના ઘરમાંથી સાડા પાંચ લાખના દાગીનાની ચોરી તસ્કરોએ કરી હોવાની પોલીસ ફરિયાદ થઈ છે. વરાછા પોલીસે આ મામલે સાડા પાંચ લાખની ચોરીનો ગુનો દાખલ કર્યો છે, પરંતુ આખી ચોરી શંકાસ્પદ લાગતા પોલીસે હાલમાં ઉલટ તપાસ શરૂ કરી છે. જાણવા મળેલી વિગત અનુસાર ગઈ 8મીના રોજ સાંજના સાત વાગ્યાના સુમારે નરેશભાઈ તેમની પત્ની સાથે મંદિરે ગયા હતા. ત્યારે ચોરો દાગીના ચોરી કરી ગયા હોવાનું પોલીસને જણાવ્યું હતું. હકીકતમાં પતિ-પત્ની આખી રાત તિજોરી પાસે જ સુતા હતાં અને ઘરના તાળા સુદ્ધાં તુટ્યા ન હતાં. આ સાથે જ પતિ-પત્નીએ પોલીસમાં નોંધાવેલા નિવેદનોમાં પણ વિરોધાભાસ જણાતાં સમગ્ર ઘટના શંકાસ્પદ માનવામાં આવી રહી છે.

### દંપતીએ આખી રાત તિજોરી પાસે જ નિંદર માણી, ને ચોરીની ખબર જ ન પડી?

આ દંપતીએ આખી રાત તિજોરી પાસે નીંદર માણી ત્યારે તેઓને કાંઇ ખબર જ નહીં પડી તે વાત પોલીસ માની રહી નથી. તિજોરી બંધ હતી અને ઘરમાં ચોરી થઇ હોવાની પોલીસને કોઇ નિશાની નહીં મળી હોવાની વિગત વરાછા પોલીસે જણાવી છે. આ ઉપરાંત પતિ પત્નીના સ્ટેટમેન્ટમાં વિરોધાભાસ આવ્યો છે. નરેશભાઇ કસ્તુરભાઇ કોઠારી જે જે માર્કેટમાં કાપડના વેપારી છે. તેમણે તિજોરીમાં પાંચ વર્ષથી તેમના દાગીના મૂક્યા હોવાની વાત કરી હતી. જ્યારે તેમની પત્નીએ છ મહિનાથી દાગીના કબાટમાં મૂક્યા હોવાની વાત કરી હતી.

# સગરામપુરામાંથી બે યુવાન 70 હજારના એમડી સાથે પકડાયા

સુરતઃ સુરત ક્રાઈમ બ્રાન્ચે સગરામપુરાની કેપી સંઘવી હોસ્પિટલ નજીક દેસાઈ શેરીના નાકે વોચ ગોઠવી GJ.05. TB.8075 નંબરની ગાડી પર આવતા બે યુવકને પકડી લીધા હતા અને તેમની પુછપરછ કરતાં તેમના નામો ઉવેશ ઉર્ફે ઉસ્તાદ યુનુસ પઠાણ (રહે., અલ રહેમાન એપાર્ટમેન્ટ, સિંધીવાડ, સગરામપુરા) અને દીપ ઉર્ફે બુચો પ્રકાશભાઈ પટેલ (રહે., મૂળશંકરની શેરી, સગરામપુરા) જાણવા મળ્યા હતા. બંનેને તપાસતાં તેમની પાસેથી 8.070 ગ્રામ જેટલું એમડી ડ્રગ્સ એક પ્લાસ્ટિકની બેગમાં મળી આવ્યું હતું. બંને આ ડ્રગ્સ ભાઠેનામાં રહેતા શાહરૂખ યોયોર નામના યુવક પાસેથી લાવ્યા હોવાનું કબૂલ્યું હતું. પોલીસે 70 હાજરના એમડી ડ્રગ્સ, બાઈક, મોબાઈલ સહિત 1.65 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે બંનેની ધરપકડ કરી શાહરૂખને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ શરૂ કરી છે.